# મોરબી નજીક અકસ્માતમાં નવ દંપતિ સહિતના ૯ના મોત

## મૃત્યુ પામેલાઓમાં ચાર બાળકો, બે પુરુષ અને બે મહિલાઓનો સમાવેશ માંડવાના પરિવારમાં ખુશીનો માહોલ દુઃખમાં ફેરવાયો : તમામની ઓળખ

ગાંધીનગર,તા. ૨૫

મોરબીમા થયેલા ગમખ્વાર અકસ્માતમાં આજે નવ લોકોના મોત થયા હતા.

ગંભીરરીતે ઘાયલ થયેલા એક વ્યક્તિએ રાજકોટમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. કચ્છના માંડવીથી જાન લઈ જામનગર જઈ રહેલા વાલ્મિકી પરિવારની મારૂતિવાનને મોરબી નજીક નડેલા ગોજારા અકસ્માતમાં પરિવારના નવ સભ્યોના મોત થતા સનસનાટી મચી ગઈ હતી. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. મોરબીના પંચાસર ચોકડી પાસે જાનની મારૂતિવાન નંબર જીજે-૧૨-જે-૫૭૬૪ તથા ટ્રક નંબર જીજે-૧-ટીટી-૯૯૨૨ સામ સામે અથડાયા હતા. વહેલી પરોઢે ૫.૧૫ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો જેના કારણે સમગ્ર વિસ્તારમાં અફડાતફડી મચી ગઈ હતી. વાલ્મિકી પરિવારમાં આઘાતનું મોજુ ફરી વળ્યુ હતુ. હાઈવે પર બનતા ગમખ્વાર અકસ્માતોના બનાવોમાં અનેક માનવી જિંદગીનો ભોગ લેવાઈ રહ્યો છે.

પંચાસર ચોકડી પાસે વહેલી સવારે અકસ્માત થયા બાદ પોલીસ તંત્રમાં પણ ભાગદોડ મચી ગઈ હતી. અકસમાતના પગલે ચિચિયારીથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. અકસ્માતના બનાવની કરૂણતા એ છે કે મોતને ભેટેલા નવ લોકો પૈકી કુંદન અને ભાવનાના હજુ ત્રણ દિવસ પહેલા જ લગ્ન થયા હતા. આ બંનેના લગ્નજીવનની શરૂઆત થઈ હતી. વાલ્મિકી પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી ગત મોડી રાત્રે વાલ્મિકી પરિવારના સભ્યો જામનગર જવા નિકળ્યા હતા. બે ગાડી ધડાકા સાથે સામસામે અથડાઈ હતી. અકસ્માતના કારણે પંચાસર ચોકડી પાસેનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. અકસ્માત એટલો પ્રચંડ હતો કે આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. મૃત્યુ પામેલાઓમાં ચાર બાળકો, બે પુરુષ અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. માંડવીના પરિવારમાં ખુશીનો માહોલ દુઃખમાં પલટાઈ ગયો હતો.



સંતશ્રી ભોજલરામની જન્મ જયંતિ નિમિત્તે શનિવારે સવારે ગાંધીનગરમાં શોભાયાત્રા યોજાઈ હતી. સૌરાષ્ટ્ર પટેલ લેઉઆ સમાજ દ્વારા ભોજાભગતની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો જોડાયા હતા. આ પ્રસંગે ભજન, પ્રાર્થના અને વ્યાખ્યાનનો કાર્યક્રમ યોજાયો હતો.

# સરદાર સરોવર બંધ પર દરવાજાની મંજુરી અટકાવવાની વૃત્તિ સામે આક્રોશ

## કૃષિ મહોત્સવ જામજોધપુર ગૌપૂજન કરી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ પ્રદર્શન પશુ આરોગ્ય મેળાનું કર્યું નિરીક્ષણ

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓના કૃષિ મહોત્સવનું જામજોધપુરમાં ઉદ્‌ઘાટન કરતા ગુજરાતના ખેડૂતો અને ખેતીને બરબાદ કરવાના કેન્દ્ર સરકારના રાજકીય આટાપાટા સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે નર્મદા નદી ઉપર સરદાર સરોવર ડેમના વિશાળ દરવાજા મૂકવાની મંજૂરી અને સૌરાષ્ટ્ર-ગુજરાતના ખેડૂતોના પાક વિમાના હક્કના નાણાં છુટા કરવાની નકારાત્મકતા માટે કેન્દ્રની કોંગ્રેસ સરકારને જવાબદાર ગણાવી હતી.

કૃષિ મહોત્સવ-૨૦૧૩ અંતર્ગત આજે જામનગર જિલ્લાના જામજોધપુરમાં કૃષિ મેળો અને પશુઆરોગ્ય મેળામાં સમસ્ત સૌરાષ્ટ્રની કિશાનશક્તિ અભૂતપૂભૂર્વ ઉત્સાહથી ઉમટી હતી. મુખ્યમંત્રીશ્રીએ કૃષિ પ્રદર્શન અને પશુ આરોગ્ય મેળાની પ્રવૃત્તિનુંનિરીક્ષણ કરી માર્ગદર્શન આપ્યું હતુંઅને કૃષિના ૠષી એવા પ્રગતિશીલ સફળ ખેડૂતોનુંસન્માન કર્યુંહતું. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સિદ્ધિ મેળવનાર તેજસ્વી કૃષિ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓનું અભિવાદન કર્યું હતું.

રાજ્ય સરકારની કૃષિ વિકાસની પ્રોત્સાહક યોજના અને મિશન મંગલમ યોજનાના લાભાર્થીઓને વિવિધલક્ષી સહાયનું મુખ્યમંત્રીશ્રીએ વિતરણ કર્યું હતું. આ પ્રસંગે એકલા જામનગર જિલ્લામાંથી મુખ્યમંત્રીશ્રીને કન્યા કેળવણી નિધિ ભંડોળ માટે રૂ. ૪૦.૫૦ લાખના ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા.

કૃષિ ક્ષેત્રે ગુજરાતમાં કેવી ક્રાંતિ આવી રહી છે અને ખેતી માટે કિસાનોમાં કેટલો મોટો વિશ્વાસ પેદા થયો છે તેનું આ કૃષી મહોત્સવમાં ઉમટેલી સૌરાષ્ટ્રની કિસાનશક્તિનો ઉમળખો જીવતું જાગતું ઉદાહરણ છે, એમ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

ખેતી, પશુપાલન, મત્સ્યોદ્યોગમાં કેટલી અદ્‌ભુત પ્રગતિ ૧૦ વર્ષમાં ગુજરાતે કરી છે, કેવા નવા કૃષિ સંશોધન થયા છે, ડેરી ઉદ્યોગ અને પશુ આરોગ્ય ક્ષેત્રે કેવું ગુણાત્મક પરિવર્તન આવ્યું છે અને તેનાથી સમસ્ત ગ્રામીણ અર્થતંત્ર અને ગ્રામીણ વિકાસમાં કેવી સમૃદ્ધિ આવી રહી છે, તેના લાંબા ગાળાના અભ્યાસો અને અસરોને ખેડૂતો સુધી પહોંચાડવાનું સૂચન તેમણે કર્યું હતું. રાજ્ય સરકારના કૃષી પ્રદર્શનમાં વૈજ્ઞાનિક ખેતી માટે સૌરાષ્ટ્રના ભણેલા ગણેલા ખેડૂત પુત્રો-યુવાનોની નવી પેઢી ફરી ખેતીની ક્રાંતિમાં ભાગીદાર બનવા ખેતરના મેદાનમાં આવ્યા છે, આ પરિવર્તન કેટલુ વિશાળ છે તેનો અંદાજ અત્યારે આવતો નથી, પરંતુ ગુજરાતના યુવાનો હવે કૃષિના મહાત્મયને સ્વીકારતા થયા છે, ગૌઉછેર, પશુસંવર્ધન માટે ગાયના શુદ્ધ દૂધની ખાનગી ડેરી બનાવનારા યુવાનોથી ગામડાં ફરી ધબકતાં થયા છે. તેના મૂળમાં કૃષિ મહોત્સવની સફળતા માટેનો આ સરકારનો પરિશ્રમ લેખે લાગી રહ્યો છે. એક લાખ કર્મયોગીઓની આખી સરકારના મંત્રીઓ ૮૦૦ કૃષી વૈજ્ઞાનિકો, લેબ ટુ લેન્ડની સફળતા ખેડૂતો સુધી પહોંચાડી રહ્યા છે એમ તેમણે જણાવ્યું હતું.

વિધાનસભાની ચૂંટણીમાં જનતાએ જેમને વાળી-ચોળીને સાફ કરી નાખ્યા એવા જુઠાણાઓની જમાત આજે પણ ગુજરાતની ખેતી અને ખેડૂતના પરિશ્રમને બિરદાવવાને બદલે ખેડૂતને ગુમરાહ કરવા કરી રહ્યા છે.

ગુજરાત કોંગ્રેસના નેતાઓની અવળચંડાઈના કારણે નર્મદાના સરદાર સરોવર ડેમ ઉપર દરવાજા મૂકવાની કેન્દ્રની કોંગ્રેસ સરકાર પરવાનગી આપતી નથી. ડેમના વિશાળકાય છ માળના દરવાજા મુકવામાં જ ત્રણ વર્ષ વિતવાના છે પણ પ્રધાનમંત્રીશ્રી પાસે વારંવાર વિનંતી કરવા છતાં, તેઓ આ સરળ વાતો સ્વીકારે તો છે, પણ કશું કરી શકવા લાચાર છે. ગુજરાતનો ખેડૂત પાણી વગર વલખાં મારે છે પરંતુ જેમાં કોઈ કાયદાકીય ગૂંચ નથી, બધા ભાગીદાર રાજ્યોએ નર્મદાના વિસ્થાપિતોના પુર્નવસવાટનું કામ પુરૂ થયું છે છતાં મંજૂરી મળતી નથી.

# વિનોદ મૂલચંદાનીને જેલ કસ્ટડી કરવાનો હુકમ થયો

## બુકી વિનોદને રિમાન્ડ હેતુસર મેટ્રોપોલિટન કોર્ટમાં રજુ કરીને પાંચ દિવસના રિમાન્ડની માંગ કરાઈ પણ ફગાવાઈ

અમદાવાદ, તા. ૨૫

શહેર ક્રાઈમ દ્વારા શહેરના પોશ વિસ્તારમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતા વિનોદ મૂલચંદાનીને બાતમીના આધારે રંગેહાથ ઝડપી ૧.૫૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિનોદને રિમાન્ડ અર્થે મેટ્રોપોલિટન કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. જેમાં ક્રાઈમ બ્રાંચે પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. પરંતુ કોર્ટ આરોપી વિનોદના રિમાન્ડ ફગાવી તેને જેલ કસ્ટડી કરવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગતો એવી છે કે શહેરના પોશ ગણાતા આનંદનગર સ્થિત ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં સટ્ટો ચાલી રહ્યો હોવાની બાતમીના આધારે શહેર ક્રાઈમ બ્રાંચે સ્પોટ ઉપર રેડ પાડી હતી. જ્યાં વિનોદ મૂલચંદાની પોલીસના રંગેહાતે ઝડપાઈ ગયો હતો.

ક્રાઈમ બ્રાંચે વિનોદ મૂલચંદાની પાસેથી ૧.૨૮ કરોડ રોકડા રૂપિયા, ૧૦ સોનાના બિસ્કિટ, ૧૨ મોબાઈલ, ૨ લેપટોપ, ૨ વોડાફોનના ઈન્ટરનેટ ડોંગલ, ૬ ઈલેકટ્રીક બોર્ડ, ચાર્જર, ડ્રાઈવિંગ લાઈસન્સ, સોનીનો આઈપોડ, મળી ૧.૫૫ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉપરાંત વિનોદના મોબાઈલમાં એક મેસેજ પણ મળ્યો છે. જેમાં લખ્યુ હતુ કે હૈદરાબાદ મેચ જીતશે તેથી સટ્ટો લેવો. વિનોદ ૨૦૦૦ લોકો પાસેથી સટ્ટો લેતો હતો. ક્રાઈમ બ્રાંચે વિનોદને રિમાન્ડ અર્થે મેટ્રોપોલિટન કોર્ટમાં રજુ કર્યો હતો. અને તેમણે કોર્ટ સમક્ષ કહ્યુ હતુ કે આરોપી પાસેથી અગત્યની મહત્વની માહિતી મેળવવાની છે જેમ કે આ સટ્ટા પાછળ હજુ કોણ કોણ સંકળાયેલ છે.

વિનોદનું મુંબઈ કનેક્શન શું છે. મુંબઈમાં વિનોદ સાતે કોણ કોણ બુકી સંકળાયેલા છે. ઉપરાંત આરોપીના મોબાઈલમાંથી એક હૈદરાબાદ મેચ જીતશે તેવો મેસેજ મલ્યો છે તેની પણ પુછપરછ કરવાની હોવાથી આરોપીના પાંચ દિવસના રિમાન્ડ આપવા જોઈએ પરંતુ મેટ્રો પોલીટન કોર્ટે ક્રાઈમ બ્રાંચની દલીલો સાંભળી વિનોદના પાંચ દિવસના રિમાન્ડ ફગાવી દીધા છે અને તેને જેલ કસ્ટડી કરવાનો હુકમ કર્યો છે.

### ગુજરાત હરિજન વિકાસ પરિષદની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત હરિજન વિકાસ પરિષદના ગાંધીનગર સહેરના સભાસદોની બેઠક તા. ૨ જૂન-૨૦૧૩ને રવિવારે યોજાશે.

ગાંધીનગર શહેર માટે આગામી પાંચ વર્ષ માટે પ્રમુખ સહીત અન્ય હોદ્દેદારો અને કારોબારી સમિતિની વરણી કરવા અંગે તા. ૨ જૂન-૨૦૧૩ને રવિવારના રોજ સાંજે ૫ થી ૮ કલાકે ગાંધીનગર શહેરના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગરના પરિષદના નોંધાયેલા સભ્યોની યાદી મુજબ સામાન્ય સભા યોજાશે. એમ ગુજરાત હરિજન વિકાસ પરિષદ ગાંધીનગર શહેરના પ્રમુખ મગનભાઈ પરમારે જણાવ્યું છે.

# ગુજરાતમાં કાળઝાળ ગરમીનું મોજુ યથાવત : ભાવનગર ૪૨

## હવામાં ભેજનું પ્રમાણ વધતા ઉક્ળાટમાં વધારો : રાજ્યના સાત શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી પણ વધુ નોંધાઈ ગઈ

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ સહીત રાજ્યમાં આજે પણ કાળઝાળ ગરમીનું મોજુ યથાવત રહ્યું હતું.

સમગ્ર રાજ્યમાં આકાશમાંથી અગનજ્વાળાઓ વરસી હતી. બપોરે ધરતી ધગધગતી થઈ હતી અને રસ્તાઓ ઉપર લોકોને દાહ દેતી ગરમીનો અનુભવ થયો હતો. રસ્તા ઉપરનો ડામંર ગરમ થતાં જ્વાળાઓ દઝાડતી હતી અને આંખોમાં બળતરા થતી હતી. બપોરે લોકોએ કામ સિવાય ઘર કે ઓફીસની બહાર જવાનું ટાળ્યું હતું. રાત્રે પણ વાતાવરણ ગરમ રહ્યું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી ભાવનગરમાં ૪૨.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. રાજ્યના સાત શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દિવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કાળઝાળ ગરમીનું મોજુ ચાલુ રહેશે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૭ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૮ ટકા નોધાયુ હતુ.

ગરમીનું પ્રમાણ વધતા પંખા, એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઉપરાંત ઠંડાપીણાના ઉપયોગમાં વધારો થઈ રહ્યો છે. તડબુચ કેરીઓની બોલબાલ વધી રહી છે. જુદા જુદા તરીકાઓ લોકો ગરમીથી બચવા માટે અજમાવી રહ્યા છે. રાજયમાં મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ ૩૮.૬, ભુજ ૩૬.૬, સુરેન્દ્રનગર ૪૧.૧, રાજકોટ ૪૦.૮, વડોદરા ૩૯.૬, સુરત ૩૪.૦, ગાંધીનગર ૪૧.૦, ડિસા ૪૧.૦, ભાવનગર ૪૨.૦, મહુવા ૩૫.૦, નલીયા ૩૪.૬, વલસાડ ૩૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# ઈસરત કેસ : બારોટ, ભરત પટેલે કરેલી જામીન અરજી

## ૯૦ દિવસ વિત્યા છતાં સીબીઆઈએ ચાર્જશીટ રજુ ન કરતા એક પછી એક આરોપીઓની જામીન માટે અરજી

અમદાવાદ, તા. ૨૫

હાઈપ્રોફાઈલ ઈસરત જહાં એન્કાઉન્ટર કેસમાં સી.બી.આઈ. દ્વારા ૯૦ દિવસ વીત્યાં છતા કોર્ટમાં ચાર્જસીટ રજુ ન કરતા એક પછી એક આરોપીઓ એક પછી એક જામીન અરજી કરી રહ્યાં છે. હવે ઈસરત કેશમાં સંકળાએલા તરુણ બારોટ અને ભરત પટેલ એ સી.બી,આઈ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. જેની વધુ સુનવણી સોમવારે હાથ ધરાશે.

ચાર ત્રાસવાદીઓ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યાં કરવા આવી રહ્યાં હોવાની બાતમીનો આધાર લઈ ચારેય શખ્સોને અંદરખાને ધરપકડ કરી ગોંધી રાખીને ઠંચા કલેજે હત્યા કરીનાખી. હત્યાંને અન્કાઉન્ટન કેસમાં ખપાવીને બોગસ કેસ બનાવનારા શહેર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધીકારી ઓને એન્કાઉન્ટરમાં ઠાર મરાયેલા શખ્સોના પરિવારજનોના પ્રયત્નો થકી એન્કાઉન્ટર બોગસ સાબીત થતા રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સી.બી.આઈએ આઈજી અને જી.વાય એસ.પી. કક્ષાના પોલીસ અધિકારીઓની ધરપકડ કરી હતી.

ઈસરત કેસમાં પૂર્વ ડી.વાય એસ.પી.તરુણ બારોટ અને પી.આઈ ભરત પટેલની મહત્વની ભુમીકા હોઈ ,સી.બી.આઈ એ તેમની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલ્યાં હતા. પરંતુ કેસની તપાસના ૯૦ દિવસ પૂર્ણ થતા અને તપાસ એજન્સી સી.બી.આઈ દ્વારા ચાર્જસીટ રજુ ન કરાતા તરુણ બારોટ અને ભરત પટેલ એ સી.બી.આઈ કોર્ટમાં ડિફોલ્ટ જામીન અરજી દાખલ કરી છે. જેની વધુ સુનાવણી સોમવારે હાથ ધરાશે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની

સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES

APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

### પ્રવેશોત્સવ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યું હતુ કે આ વેળાએ પ્રવેશોત્સવમાં ભાગ લેનાર અધિકારીઓ માટે ખાસ કીટ તૈયાર કરવામાં આવી રહી છે. તો બાળકોને પણ પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ખાસ સાહિત્યની કીટ જેમાં 'મારી પોથી' ચિત્રપોથી, સંચો, પેન્સીલ જેવી વસ્તુઓ આપવામાં આવશે. આ કીટ પાઠ્યપુસ્તક મંડળ જ તૈયાર કરીને આપશે.

જિલ્લામાં પ્રવેશોત્સવ અંગેનું પ્રાથમિક આયોજન તૈયાર કરી દેવાયું હોવાનું જણાવતાં તેમણે જણાવ્યું હતું કે શાળા કક્ષાએ આ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

### પ્રગતિશીલ ખેડૂતોનું ઈ-ટેકનોલોજીથી અભિવાદન કરાશે : મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી

અમદાવાદ, તા. ૨૫

મુખ્યમંત્રીશ્રીએ આજના કૃષિ મહોત્સવમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ધરતીપુત્રોને સંબોધતા કહ્યું કે, પોતાના મોબાઈલ પરથી ધરતીપુત્રો જો ઓપરેટિવ સિસ્ટમથી એન્ડ્રોઈડ બેઈઝડ એપ્લીકેશન ડાઉનલોડ કરશે તો તેમાં તેમને કૃષિ વિષયક જાણકારી તો મળશે જ પરંતુ જો કોઈ ધરતીપૂત્રે પોતે વૈજ્ઞાનિક કૃષિ અંગે કોઈ વિશેષ ક્ષેત્રે કઈ વિશેષ કામગીરી કરેલ હશે અને તે પોતાના મોબાઈલના માધ્યમથી જણાવશે, તો તેનો ત્વરિત પ્રતિભાવ તો મળશે જ. સાથે ખેડૂતના પોતાના મોબાઈલ પર જે તે ધરતીપુત્રને બિરદાવતો મોબાઈલ મેસેજ પણ મુખ્યમંત્રીશ્રી તરફથી મળશે.

### આઈસક્રીમની મોજ માણે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ઉનાળાની ઋતુમાં ઘરમાં કે ઓફિસમાં નાની-મોટી પાર્ટી હોય તો પણ તેમાં આઈસક્રીમ સ્થાન પામે જ છે. આઈસક્રીમના વપરાશની વાત કરીએ તો ગાંધીનગરમાં બધી જ બ્રાન્ડેડ કંપનીઓ અને લોકલ કંપનીઓ વર્ષ દરમ્યાન પાંચેક કરોડ જેટલો આઈસક્રીમ વેચે છે. તે પૈકીનો અડધો અડધ એટલે અઢી કરોડના આઈસક્રીમનો વપરાશ ઉનાળાના ચાર મહિના દરમ્યાન થાય છે. ઉનાળો શરૂ થાય તે સાથે જ તેનું વેચાણ વધવા માંડે છે અને મે માસમાં તે પીક પર હોય છે. શહેરમાં વાડીલાલ, અમૂલ, હેવમોર, ક્વોલીટી વોલ્સ જેવી બ્રાન્ડેડ કંપનીઓના આઈસક્રીમ ઉપરાંત લોકલ બનાવટના ફ્લેવર્ડ આઈસક્રીમનું વેચાણ સૌથી વધુ થાય છે. પટેલ પાર્લર, ક્રિષ્ના પાર્લર ઉપરાંત ઘ-૫ સ્થિત તૃપ્તિ પાર્લર પર ઉનાળાના દિવસોમાં ભારે ભીડ જોવા મળે છે. આ ઉપરાંત ઈન્ફોસિટી વિસ્તારમાં આવેલ બાસ્કીન રોબીન્સ, ક્રેવીંગના આઈસક્રીમનો એક અલગ શોખીન વર્ગ છે. જે અવારનવાર અહીંની મુલાકાત લે છે.

આઈસ્ક્રીમનું વેચાણ કરતાં વેપારીઓ કહે છે કે આ વર્ષે ભાવમાં વધારો થયો છે. જેના કારણે વેચાણ વધતુ નથી. આ વર્ષે પણ લગભગ અઢી કરોડના જ આઈસક્રીમનું વેચાણ થશે. ચોમાસુ શરૂ થાય તે પછી આઈસક્રીમનું વેચાણ ધીમે ધીમે ઘટવા માંડે છે.

# મોદી સરકાર ભ્રષ્ટાચારના કાદવમાં ગળાડૂબ : કોંગ્રેસ

## બંધારણીય જોગવાઈની અવગણના કરી કાંડ આચરનાર મોદી કયા મોઢે અડધા-આખા ગ્લાસની વાત કરી શકે છે

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિતના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતુ કે આડેધડ આક્ષેપ કરવા, પ્રમાણિકતાનો આંચળો ઓઢવો અને બીજી બાજુ બંધારણીય જોગવાઈની અવગણના કરીને મસમોટા કૌભાંડોમાં ગળાડૂબ ગુજરાતની ભાજપ સરકારના વડા ક્યા મોંડે અડધા ગ્લાસ-આખા ગ્લાસની વાત કરે છે. તેનો જવાબ આપે. ગુજરાતમાં છેલ્લા આઠ વર્ષ કરતા વધુ સમય સુધી લોકાયુક્ત નિમવા ન દેવો. નિમણૂંકની ફાઈલ દબાવી રાખવી અને બંધારણીય જોગવાઈ અનુસાર રાજ્યના વિશાળ હિતમાંગુજરાત લોકાયુક્તના કાયદા અનુસાર લોકાયુક્તની નિયુક્તી ન થાય તે માટે વડી અદાલત ગુજરાત ડીવીઝન બેંચે, સુપ્રીમકોર્ટમાં પ્રજાના પૈસે સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયા વેડફવા, તમામ ન્યાયિક પ્રક્રિયાથી આદેસ થાય. ગુજરાત સરકારને લપડાક પડે તેમ છતાં યેનકેન પ્રકારે લોકાયુક્તને જવાબદારી સ્વીકારતા અટકાવવા. આ બધુ શુ મુખ્યમંત્રી અને તેમના મંત્રીમંડલના સભ્યોની ભ્રષ્ટાચારમાંથી બચવા માટેની કવાયત છે. રાજ્યના મુખ્યમંત્રી અને તેમના મંત્રીમંડળના સભ્યો ભ્રષ્ટાચારના કાદવમાં સંપૂર્ણ ગલાડૂબ હોય ત્યારે નખશીખ પ્રમાણીક દેશના વડાપ્રધાન પર બિનપાયાદાર આક્ષેપોની ઉગ્ર ઝાડકણી કાઢતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુક અર્જુન મોડવાડીયાએ જણાવ્યું હતુ કે ગુજરાતમાં ૧૭ કૌભાંડોમાં એક લાખ કરોડ કરતાં વધુનો ભ્રષ્ટાચાર થયેલો છે. કેગના અહેવાલ ૪૬૬૫૨ કરોડ કરતા વધુનો ભ્રષ્ટાચાર ઉજાગર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીના નેતૃત્વમાં બેફામ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી દિવસ રાત પ્રધાનમંત્રીના દિવાસ્વપ્રો જોતા મુખ્યમંત્રી તેના જ પક્ષના લોકો નજીકથી ઓળખી જતા ઉમેદવાર બનાવતા નથી. પરિણામ તેમની પરેશાની સમજી શકાય તેવી છે. એક ખાનગી કાર્યક્રમમાં મુખ્યમંત્રી દ્વારા લોકતંત્ર, લોકશાહી અને વિરોધી વિચારને પણ સ્વીકારવાની વાતોના વડા કર્યા પણ મુખ્યમંત્રી એ વાત ભૂલી ગયા લાગે છે કે તેઓએ તેમના પક્ષના વડીલો અને પદાધિકારીઓ સાથે કયા પ્રકારનો વ્યવહાર કર્યો છે. આ વાતની તેના જ પક્ષના અને સમગ્ર ગુજરાત પણ સાક્ષી છે. મુખ્યમંત્રી આ વાત કરતાં પહેલા પોતાની જાતનું અવલોકન કરે તો વધુ વ્યાજબી ગણાય. લોકતંત્ર લોકશાહી અને બંધારણીય સંસ્થા વિશે શબ્દોને બદલે તેમનો અનુસરે તો વધુ આવકાદરાયક બનશે.

ટચૂકડી જાહેર ખબર

ફ્લેટ વેચવાનો છે

સે. ૨૩ લગ્નવાડી પાસે, સારા લોકેશનનો, ગ્રાઉન્ડ ફ્લોરનો ફ્લેટ વેચવાનો છે.

મો. : ૯૮૯૮૦ ૩૦૬૫૨

વેચવાના છે

પ્લોટ તથા ફ્લેટ

સેક્ટર-૨૮માં ઘ-૬ કોર્નર, ૨૦૦ મીટરનો પ્લોટ તથા સે. ૪ડીમાં ફ્લેટો

મો. : ૯૮૨૫૮ ૦૫૧૪૧